# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 22-10-2025 Day: Wednesday Morning : 6.50 to 6.55am**

આકાશવાણી ભુજ સમાચાર **શીતલ વૈશ્નવ** વાંચે છે.

---

## નૂતન વર્ષના વધામણા

પ્રકાશ પર્વ દીપાવલી અને વિક્રમ સંવતના આરંભ વચ્ચેના પડતર દિવસ પછી આજે પ્રજા વિક્રમ સંવત 2082 ના નુતન વર્ષના ઉમંગ ભેર વધામણા લઈ રહી છે. લોકોએ ઘરોને રોશનીથી શણગાર્યા છે. ઘર આંગણે કલાત્મક રંગોળી કરી નવા વર્ષ ને આવકારવા સૌ સજ્જ બન્યા છે. લોકો દેવ મંદિરોમાં દર્શન કરી એ પછી એકબીજાને ઘેર જઈ નૂતન વર્ષની શુભકામના પાઠવશે. વ્યક્તિગત ઉપરાંત સામૂહિક રીતે સામાજિક વેપારી તેમજ રાજકીય સંસ્થાઓ દ્વારા સ્નેહમિલન યોજાશે. આજે ઘણા મંદિરોમાં ભગવાનને અન્નકુટ ધરાવાશે. ભાવિકો દર્શનાર્થે ઉમટી પડશે.

**------------------------------------------------------------------------------------------**

## PM – નાગરિકોને પત્ર

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે જ્યારે વિશ્વ અનેક કટોકટીઓમાંથી પસાર થઈ રહ્યું છે ત્યારે ભારત સ્થિરતા અને સંવેદનશીલતા બંનેના પ્રતીક તરીકે ઉભરી આવ્યું છે.

દિવાળીના પ્રસંગે દેશના નાગરિકોને લખેલા પત્રમાં, શ્રી મોદીએ કહ્યું કે ભારત નજીકના ભવિષ્યમાં વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવાના માર્ગ પર છે. તેમણે કહ્યું કે, ઓપરેશન સિંદૂર દરમિયાન, ભારતે માત્ર ન્યાયીપણાને જ સમર્થન આપ્યું નહીં પરંતુ અન્યાયનો બદલો પણ લીધો.

**------------------------------------------------------------------------------------------**

## મન કી બાત

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ મહિનાની 26 તારીખે આકાશવાણી પરથી પ્રસારિત થનારા "મન કી બાત" કાર્યક્રમમાં દેશ-વિદેશના લોકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. માસિક રેડિઓ કાર્યક્રમની આ 127-મી કડી હશે. આ માટે લોકો પોતાના મંતવ્યો ટૉલ ફ્રી નંબર 1800–11–7800 પર તેમજ નરેન્દ્ર મોદી ઍપ્લિકેશન અને માય **GOV** ઑપન ફોરમના માધ્યમથી ઑનલાઈન મોકલી શકે છે. આ મહિનાની 24 તારીખ સુધી આ મંતવ્ય મોકલી શકાશે.

---

## રાજ્યભરમાં દિવાળીનો ઉત્સાહ

રાજ્યભરમાં દિવાળીના તહેવારને લઈ મંદિરોથી લઈ સરકારી ઇમારતો અને રોડ-રસ્તાઓ પર રોશનીનો વિશેષ શણગાર કરાયો છે. આજરોજ વિક્રમ સંવતના નૂતન વર્ષને વધાવવા માતાના મઢ ખાતે આવેલા આશાપુરા મંદિર, શક્તિપીઠ અંબાજી, યાત્રાધામ પાવાગઢ, તેમજ ચોટિલાથી લઈ તમામ મંદિરોમાં પણ ભક્તોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. તેમજ મંદિરોમાં ભક્તોનું આગમન શરૂ થઈ ગયું છે.

દેવભૂમિ દ્વારકાના જગત મંદિરમાં ગોવર્ધન પૂજાની પરંપરાગત ઉજવણી સંપન્ન થઈ હતી. પૂજારીઓએ જણાવ્યું, દર વર્ષે વિક્રમ સંવતના નવ વર્ષની શરૂઆત સાથે અન્નકૂટ મનોરથની શરૂઆત ગોવર્ધન પૂજાથી થાય છે.

પવિત્ર યાત્રાધામ ડાકોર મંદિરમાં જય રણછોડના નાદ સાથે અન્નકૂટને લૂંટવાની પરંપરા આજે પણ અકબંધ રહી. દિવાળીના બીજા દિવસે ઠાકોરજીને અન્નકૂટ ધરાવાય છે અને વર્ષોની પરંપરા મુજબ, આસપાસના 75 ગામના લોકોએ આ અન્નકૂટ રૂપી પ્રસાદને લેવા આમંત્રણ અપાયું હતું. બપોરે મંદિરના દરવાજા ખોલતાની સાથે જ માત્ર 11 મિનીટમાં જ 151 મણનો અન્નકૂટના પ્રસાદને લૂંટવામાં આવ્યો.

---

# ભુજ સ્વામિનારાયણ મંદિરે દીવડાઓ

ભુજ શહેરમાં નૂતન સ્વામિનારાયણ મંદિરે ગઇકાલે દિવાળીના પાવન પર્વના ઉપલક્ષમાં 1 લાખ 51 હજાર દીવડા પ્રજવલિત કરી ભવ્ય દિપોત્સવ ઉજવવામાં આવ્યો હતો. આ સમયે દોઢ લાખ દીપ પ્રગટી ઉઠતા મંદિર પરિસર રોશનીથી ઝળહળી ઉઠ્યું હતું.

દિપોત્સવની ઉજવણી અંગે મંદિરના કોઠારી દેવ પ્રકાશ સ્વામીએ જણાવ્યું કે, મહંત સ્વામી ધર્મનંદનદાસજીના માર્ગદર્શન હેઠળ ભગવાન સ્વામિનારાયણની પ્રતિકૃતિ દર્શવતા દિપકોને હરિભક્ત ભાઈ-બહેનો દ્વારા ગોઠવવામાં આવ્યા હતા. આ સાથે આજે વિક્રમ સંવતના નવા વર્ષની વહેલી સવારે મંગળા આરતી અને અન્નકૂટ દર્શનનો કાર્યક્રમ પણ યોજાયો. વિશેષ દીપોત્સવ ઉજવણી પહેલા ભાવિક ભક્તોએ રંગોળી દર્શન કરી આનંદિત થયા હતા.

---------------------------------------------------------------------------------

# વરસાદથી થયેલ નુકસાનીની ભરપાઇ

રાજય સરકારે ખેડૂતોને કુદરતી આપત્તિમાં બેઠા કરવા માટે ઓગસ્ટ અને સપ્ટેમ્બર-2025 માસમાં થયેલ ભારે વરસાદથી થયેલ પાક નુકસાન માટે થયેલ નુકસાની ભરપાઈ કરવા સહાય આપવાનો મહત્વનો નિર્ણય કર્યો છે. જેમાં જુનાગઢ, પંચમહાલ, કચ્છ, પાટણ અને વાવ-થરાદ જીલ્લાના 18 તાલુકાઓના 800 ગામોના નુકસાનગ્રસ્ત ખેડૂતોને સહાય ચૂકવવાનું નક્કી કરવામાં આવ્યું છે.

---------------------------------------------------------------------------------

# અંજારના સતાપર ખાતેની ગૌશાળામાં આગ

અંજાર તાલુકાના સત્તાપર ગામમાં આવેલી એક ગૌશાળામાં દિવાળીના રાત્રિના સમયે ફટાકડાના તણખા ઝરતા ભીષણ આગ લાગી હતી. આ ઘટનામાં અંદાજે 900 મણ ઘાસચારો બળીને ખાખ થઈ ગયો હતો.

---------------------------------------------------------------------------------